''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर

पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

રસો વૈ સઃ

(નિશ્ચિત તે રસ જ છે)

:: લેખક ::

પ.ભ. ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : પ.ભ. ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા.

પ્રત : ૫૦૦

ન્યોછાવર : રૂા. ૫/- + પોસ્ટેજ ખર્ચ

પુસ્તક પ્રાપ્તિ સ્થાન :
(૧) આં. પુ. વૈ. પ. ભરૂચ
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

(૨) શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.

મુદ્રક : શ્રીજી ગ્રાફીક્સ
પ્રો. રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧
ફોન : ૯૬૬૨૦૨૧૯૭૩

‘રસ’ વિષે

રજૂ કર્તા : ડૉ. પીયૂષ પરીખ
(ભરૂચ, પાટણ)

આપણે બોલીએ છીએ કે આમાં મને રસ પડયો. આપણે કોક વસ્તુને સરસ છે એમ કહીએ છીએ. રસ શબ્દ વ્યવહારમાં પ્રસિદ્ધ છે જ. સામાન્ય રીતે જીભ (રસના) જે ગુણ ગ્રહણ કરે છે તે રસ કહેવાય છે. આપણાને ફૂલ વગેરેમાંથી રસ મળે છે. આવા છ પ્રકારના રસો ગણેલા છે. મધુર, કટુ, કષાય, લવણ, આમ્લ અને તિક્ત.

નાટક વગેરેમાં શૃંગાર વગેરે રસ હોય છે. કેટલાક પદાર્થ સારરૂપ હોય છે. તો કેટલાક પ્રવાહી. કેટલાક સ્વાદ કરવા યોગ્ય પદાર્થ છે તો કેટલાકથી આનંદ અનુભવાય છે. આ બધા વિષયો માટે લૌકિકમાં ‘રસ’ શબ્દ છે.

આ પુસ્તિકામાં ‘રસ’ એટલે શ્રુતિએ આપેલી ઓળખ મુજબનો ‘રસ’, આ રસ મેળવીને જીવ આનંદી જ બને છે. પ્રાણી માત્રમાં જે આનંદને ઉત્પન્ન કરે છે તેવો આનંદ તે આ ‘રસ’ છે. શ્રુતિ તેને ‘રસો વૈ સઃ’ કહે છે. શ્રુતિમાં ગાયેલ બ્રહ્મ જ રસરૂપ છે. આ બ્રહ્મ શ્રીભાગવતમાં ભગવાન કૃષ્ણથી ઓળખાય છે. રસેશ,

રસાત્મા, રસનિધિ વગેરે શ્રીકૃષ્ણના નામાભિધાન આ સંબંધથી છે.

રસાત્મક ભગવાન જ 'રસ' છે. આવા ભગવાન કે શ્રીકૃષ્ણ કે પરમાત્મા કે પરબ્રહ્મ જ રસશાસ્ત્રની રીતિથી હૃદયમાં આવિર્ભૂત થતાં 'રસ' રૂપ છે. પરબ્રહ્મ જ પતિ અને પત્ની રૂપ થાય છે આથી બહાર જે પ્રભુ પ્રકટયા તે પણ રસાત્મક જ છે.

લૌકિકમાં જેનાથી આનંદ અનુભવાય છે તે વિષયો તો રસનો આભાસ છે. બધા ને તે અનુકૂલ ન પણ થાય. બધી ઈન્દ્રિયો આ રસનો અનુભવ ન કરી શકે. લૌકિક રસમાં અંત છે, તૃપ્તિ છે, વિકાર છે, અભાવ છે, શ્રમ છે. લૌકિક રસ ભવમાં ભટકાવે છે.

રસો વૈ સઃ નો રસ કાલાધીન નથી. ખૂટતો નથી, વિકારના વમળ સર્જતો નથી. તેમાં ક્યારે પણ અભાવ થતો નથી. સ્વભાવને ભાવે તેવો હોય છે. તેના પ્રભાવથી સદ્ભાવ વધે છે. બધી જ ઈન્દ્રિયો આ રસને માણે છે. માણીને પણ તૃપ્તિ થતી નથી. કીર્તનમાં ગાયું છે - ''કમલમુખ દેખત કોન અધાય''. આ રસ પ્રાપ્ત થતાં ભવાટવીમાં ભટકવાનું અટકી જાય છે. આ રસનો આસ્વાદ જ એવો છે કે પછી કોઈ લૌકિક-વૈદિક એષણા રહેતી નથી. આથી જ ભક્તો ગાય છે, ''નાહી ન રહ્યો મન મેં કોઈ ઠોર'' કે સંભળાવી દે ''ભક્તન કો કહા સિકરી કો કામ''. આ રસ આવો અલૌકિક છે.

જેનો આસ્વાદ કરી શકાય તે રસ છે. વેદે જલ, સોમ વગેરેને

પણ રસ કહ્યા છે. ભરતમુનિએ નટ્યશાસ્ત્ર રચ્યું છે. તેમાં આઠ રસ કહ્યા છે, શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણ, વીર, અદ્ભૂત, બીભત્સ અને ભયાનક. શાંત રસ નવમો છે. કાવ્યમાં તે બતાવ્યો છે. પ્રેયાન્ ને રુદ્રટ નામના વિદ્વાન દશમો રસ ગણે છે. દશમા રસ તરીકે વાત્સલ્યનું વર્ણન 'સાહિત્યદર્પણ'માં છે. વાત્સલ્ય, લૌલ્ય, ભક્તિ અને કાર્પણ્યને 'રસતરંગિણી'માં રસ ગણ્યા છે.

ભક્તિરસને મુખ્ય રસ તરીકે 'ઉજ્જવલ-નીલમણિ'માં બતાવ્યો છે. શ્રીવલ્લભાચાર્યજી ભક્તિરસ સાથે દશ રસો સ્વીકારે છે. શ્રીમદ્ ભાગવતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોને પણ રસ કહે છે. આમ કુલ ચૌદ રસો થયાં.

શાસ્ત્ર પ્રમાણે પરિપુષ્ટ સ્થાયી ભાવને રસ કહે છે. જ્યાં રમણ થાય અને મન રમી જાય તે રતિ છે. આ રતિ વગેરે ભાવ સમય થતાં ઉત્પન્ન થાય છે અને હૃદયમાં વાસના રૂપે સ્થિર રહે છે. આથી તેને સ્થાયી કહે છે. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય સ્થાયી ભાવ છે.

ભક્તિમાં સ્નેહ સ્થાયી ભાવ છે. રસ નવીન રૂપે ઉત્પન્ન થતો નથી પણ વ્યક્ત થાય છે. આવો રસ સ્વપ્રકાશ છે. અખંડ છે. અલૌકિક છે. અનુભવે જણાય છે.

વિભાવ, અનુભાવ, સંચારી ભાવ, વિગેરેથી ઉત્પન્ન થતા

સ્થાયી ભાવને રસ કહે છે.

વિભાવ : રતિને ઉત્પન્ન કરનાર કારણ ને નાટય કે કાવ્યમાં વિભાવ કહે છે. રતિનો આસ્વાદ લઈ શકાય તે રીતે ઉત્પન્ન કરે છે તેથી તે વિભાવ છે.

અગ્નિપુરાણમાં તેના બે પ્રકાર કહ્યા છે : (૧) આલંબન (આધાર) વિભાવ, (૨) ઉદ્દીપન (અભિવૃદ્ધિ) વિભાવ. આ બંને પ્રકાર રસમાં કારણરૂપ છે. નાયક અને નાયિકા વગેરે આલંબન વિભાવ છે.

ઉદ્દીપન વિભાવ રસની અભિવૃદ્ધિ કરે છે. ઉદ્દીપન કરે છે. દા.ત. ચંદ્ર વગેરે.

અનુભાવ : રતિના જે 'કાર્ય' તરીકે લોકમાં ઓળખાય છે તે નાટ્ય અને કાવ્યમાં અનુભાવ કહેવાય છે. અનુ એટલે પછી. રતિ વગેરે સ્થાયી ભાવ જાગે તે પછી તે રતિ અને ભાવનું આસ્વાદન કરાવી બહાર પ્રકટ કરે તે અનુભાવ કહેવાય. દા.ત. હાથ હલાવવા, કટાક્ષ કરવા વગેરે.

સંચારી ભાવ : લોકમાં રતિનું જે સહકારી કારણ છે તે નાટ્ય અને કાવ્યમાં સંચારી (વ્યભિચારી) ભાવ કહેવાય છે. તે સ્થિર ના હોય પણ વિશેષ પ્રકારથી રતિ જેવા સ્થાયી ભાવને ફેલાવે છે.

દરેક રસમાં વિભાવ, અનુભાવ, સંચારી ભાવ અને સ્થાયીભાવ અલગ અલગ હોય છે.

વિભાવ, અનુભાવ, સંચારીભાવ એ રસની પરિભાષાના શબ્દો છે. તેને સમજવા અહીં પ.પૂ.ગો. શ્રી શ્યામનોહરજીના સિદ્ધાન્ત સૂક્તિના દૃષ્ટાંતને ટાંકું છું. આ માટે હું આપશ્રીનો ઋણી રહીશ.

શ્રી રામચંદ્રજીનાં વિવાહના પ્રસંગમાં **આલંબન** વિભાવ - સીતાજી કહેવાય.

ઉદ્દીપન વિભાવ - સીતાજીની સુંદરતા, તેમની મોહક ચાલ, તેમના હાથમાંની વરમાળા, આજુબાજુ બેઠેલા રાજાઓ.

સંચારી ભાવ - સીતાજીને મેળવવાની અદમ્ય ઈચ્છાના કારણે અનુભવાતા ભાવો... ઘડીકમાં આશા, ઘડકીમાં નિરાશા... ક્રોધ, બીજા બહાદૂર રાજાઓની ઈર્ષ્યા વગેરે.

અનુભાવ : આવા ભાવોની યોગ્ય રીતે અભિવ્યક્તિ કરનાર અભિનય.

આ બધા ભાવોમાં રતિનો જે સ્થિર ભાવ છે તેનું નામ રસ છે. તેવી જ રીતે પ્રભુ માટે અનુભવાતા આકર્ષણમાં આલંબન વિભાવ પ્રભુ છે. ઉદ્દીપન વિભાવ ઘણા હોઈ શકે - શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, કોઈ તાદૃશી ભક્ત, શાસ્ત્ર, સંસાર પ્રત્યેની વિરક્તિ...

આમાંથી કોઈપણ આપણને ભક્તિશીલ થવા ઉદ્દિપ્ત કરી શકે છે. ભક્તિમાં સંચારી ભાવો પણ અનેક છે - આસુરાવેશ, શંકા, વિકલ્પ, પ્રભુ responce આપશે કે નહિ... આવા અનેક ભાવો ઉત્પન્ન થાય છે. આ બધામાં ભક્તિ અખંડ રહી તો તે રસ છે.

શ્રીઆચાર્યચરણોએ રસમત્ત કૃષ્ણનનું પ્રતિપાદન શ્રી સુબોધિનીજીમાં કર્યું છે. ''ચકોર ક્રૌંચ'', ''તં ગોરજશ્છુરિત...'', ''મલ્લાનામશનિઃ''... વગેરે લીલા વર્ણનોમાં તે સ્પષ્ટ છે.

યથામતિ અને યથાધિકાર આ બધી રજૂઆત આ પુસ્તિકા ''રસો વૈ સઃ'' (નિશ્ચિત તે રસ જ છે)માં કરવાનો કિંચિત્ પ્રયત્ન બુદ્ધિપ્રેરક કૃષ્ણ અને કૃષ્ણાસ્ય કૃપાથી પ્રેરાઈને થઈ ગયો છે.

મારા જેવા મૂઢ જીવ, ગૂઢ કૃષ્ણને કઈ રીતે અને કેટલો ન્યાય આપી શકે ? તેથી જ આ લેખનમાં કંઈક સ્ખલન લાગે તો શરૂમાં જ કરબદ્ધ થઈ નતમસ્તકે ક્ષમા યાચું છું.

અધુરા આ લેખને મુધરા શ્રી રાધાજીના ચરણ કમળોમાં નિવેદિત કરું છું... મધુરાધિપતિને મનાવી લેશે તે વિનંતીએ.

ડૉ. પીયૂષના
શ્રીવલ્લભની બિંદુ સૃષ્ટિને દંડવત્ પ્રણામ
અને નાદ સૃષ્ટિને ભગવદ્સ્મરણ

।। શ્રીવલ્લભ ।।

નાશ્રિતો વલ્લભાધીશો, ન ચ દૃષ્ટા સંબોધિની ।
નારાધિ રાધિકાનાથો, વૃથા તજજન્મ ભૂતલે ।।

''રસોવૈસઃ'' શ્રુતિથી વેદ પરબ્રહ્મને ઓળખાવે છે. વેદના આ પરબ્રહ્મ શ્રીમદ્ ભાગવતના ભગવાન છે. ''કૃષ્ણસ્તુ ભગવાન સ્વયં'' પ્રમાણે શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે. આમ શ્રીકૃષ્ણની એક ઓળખ વેદ નિશ્ચિત પણે તે રસ છે કહીને આપે છે. શ્રીમદ્ ભાગવત આ રસેશના દર્શન રસમત્ત તરીકે દસમ સ્કંધમાં કરાવે છે.

શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ છે. આથી તે પણ રસ જ છે. આથી જ ''પીબત ભાગવતમ્ રસમાલયં...'' મંગલાચરણમાં ગાયું. શાસ્ત્રમાં મુખ્ય રસ આઠ ગણાવ્યા છે. ક્રમશઃ તે આ પ્રમાણે છે - (૧) શૃંગાર, (૨) વીર, (૩) કરૂણ, (૪) અદ્ભૂત, (૫) હાસ્ય, (૬) ભયાનક, (૭) બીભત્સ, (૮) રૌદ્ર. આ ઉપરાંત નવમો શાંત રસ છે. શ્રીવલ્લભાચાર્યજી દસમા રસ તરીકે ભક્તિને ઓળખાવે છે. આમ કુલ દશરસ થયા.

શ્રીમદ્ ભાગવતમાં જીવોના ચાર પુરૂષોર્થોને પણ રસ જ ગણ્યા છે.

આ લેખના પ્રમાણો (લેખો)

(ટિ.) શ્રીગુસાંઈજી કૃત ટિપ્પણીજી, (લે.) શ્રીવલ્લભજી કૃત લેખ,
(પ્ર.) શ્રીપુરુષોત્તમજીકૃત પ્રકાશ, (યો.) શ્રીલાલુભટ્ટજી કૃત યોજના.

एकायनोऽसौ द्विफलस्त्रिमूल श्चतूरसः पञ्चविधः षडात्मा ।
सप्तत्वगष्टविटपो नवाक्षो दशच्छदी द्विखगो ह्यादिवृक्षः ।। १०-२-२७

(૧૦-૨-૨૭ પ્રમાણે ચતૂરસઃ) આમ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ અને ઉપર દર્શાવેલા રસો થઈ કુલ ચૌદ રસો થયા. આમ, નામસ્વરૂપ અને સ્વરૂપમાં ચૌદ રસો છે. આથી સમગ્ર ભાગવતમાં ચૌદ રસવાળા શ્રીકૃષ્ણનું જ ગાન છે. આ પૈકી દસમ સ્કન્ધના પંદરમાં અધ્યાયમાં ચૌદ રસવાળા શ્રીકૃષ્ણનું નિરુપણ સુસ્પષ્ટ રીતે શ્રીવલ્લભચાર્યજીએ શ્રીસુબોધિનીજીમાં કર્યું છે.

તામસ પ્રમેય પ્રકરણના પ્રથમ અધ્યાયમાં શ્રીકૃષ્ણની પૌગંડ વયની લીલાનું નિરુપણ છે. શ્રીકૃષ્ણ સખાઓની સાથે ગાયો ચરાવતા પોતાના પગલાઓથી વૃંદાવનને ઘણું જ પવિત્ર કરતા હતા. આદિપુરુષ શ્રીકૃષ્ણે મોટાભાઈ બલરામને વૃંદાવનમાંના વૃક્ષો, ભ્રમરો, મૃગો અને પક્ષીઓની વિજ્ઞપ્તિ જણાવી. વૃંદાવનની ભૂમિ વિગેરેની પ્રશંસા કરી. આ રીતે બલભદ્રમાં પોતાનો આવેશ કરાવે છી તેમ શ્રીકૃષ્ણ જણાવે છે.

આવા વૃંદાવનમાં ભગવાને ક્રીડા કરી એમ શ્લોક ૯ થી ૧૮માં શ્લોક સુધીમાં કહે છે. પૌગંડ વય ચાર (૬ થી ૯) વર્ષની છે. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોને પ્રાપ્ત કરાવનાર છે. તેથી પ્રથમ ચાર (૯ થી ૧૨) શ્લોકથી અનુક્રમે આ ચાર પુરુષાર્થનું પ્રતિપાદન કરે છે.

ત્યાર પછી ભગવાન દશ રસો ઉત્પન્ન કરાવી ક્રીડા કરે છે, કારણ કે પરમાનંદના રસનો અનુભવ લોકોમાં દશ રીતે થાય છે. શૃંગાર થી આરંભી ભક્તિ સુધીના દશ રસો છે. તેથી લીલા સૃષ્ટિમાં દશ પ્રકારે રસનો અનુભવ થાય છે. (યો.)

ધર્મ પુરુષાર્થનું પ્રતિપાદન :

एवं वृन्दावनं श्रीमत् कृष्णः प्रीतमनाः पशून् ।
रेमे सञ्चारयन्नेद्रेः सरिद्रोधस्सु साऽनुगः ।। १०-१५-९

આવી શોભાવાળા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા શ્રીકૃષ્ણે અનુચરો સહિત પર્વતના (સંબંધવાળા) નદીઓના કિનારા પર પશુઓને સારી રીતે ચારતાં રમણ કર્યું.

‘‘અહીં ધર્મનું આચરણ દર્શાવતા ભગવાન રમણ કરે છે એમ કહે છે. ભગવાનનું દાસ્ય જ મુખ્ય ધર્મ છે. આજ અધ્યાયના પાંચમા શ્લોકમાં વૃંદાવનના વૃક્ષોએ કરેલું ધર્મનું આચરણ ભગવાને કહ્યું છે. ભગવાન પોતે પશુ ચારે તો ક્રીડા અથવા રમણમાં અડચણ થાય, તેથી આવું ન થાય તે માટે ગોપો પોતે ભગવાનનું પશુ ચારવાનું કામ કરે છે. ભગવાનની સેવા ગોપોનો ધર્મ છે. વળી, ગોપો વૈશ્યો છે. તેમના માટે પશુચારણ ધર્મ છે. આ રીતે ભગવાન ધર્મનું આચરણ દર્શાવે છે.(ટિ.)

‘‘અહીં ભગવાનના દાસ્યરૂપ વૃક્ષોનો ધર્મ, ભગવાનની સેવારૂપ ગોપોનો ધર્મ અને ગાયો ચારવારૂપ વૈશ્યોનો ધર્મ એમ ત્રણે ધર્મો દર્શાવ્યા છે.’’(પ્ર.)

અર્થ પુરુષાર્થનું પ્રતિપાદન :

क्वचिद् गायति गायत्सु मदाऽन्धऽलिष्वनुव्रतैः ।
उपगीयमानचरितः सखि सङ्कर्षणाऽन्वितः ।। १०-१५-१०

ભક્તો જેમના ચરિત્રનું ગાન કરે છે અને જેમની પાછળ મિત્રો અને સંકર્ષણ આવે છે, તેવા (ભગવાન) મદાંધ ભ્રમરો ગાન કરતા હોય ત્યારે કોઈવાર ગાન કરે છે.

અહીં અર્થ એટલે પ્રભુના પ્રસાદરૂપ માલા, ફૂલ, ફલ વિગેરે આપી અર્થ પ્રકટ કરી લીલા કરે છે.

''જ્યારે પુરુષ નિશ્ચય 'શ્રી'નો ભોગ કરે છે ત્યારે તેની પાસે વીણા વાગે છે''

આ શ્રુતિ પ્રમાણે ભગવાન શ્રી (અર્થ)નો ભોગ કરે છે ત્યારે પાછળ વાગતી વીણા જેવા ભ્રમરો છે. અર્થનો ભોગ કરતા ભગવાન કોઈવાર ગીત પણ ગાય છે જે ઘણો જ રસ થયો છે તેની જાણ કરે છે.

''ભગવાન જે પદાર્થોનો ભોગ કરે છે તે માતાએ મોકલેલ પદાર્થો અથવા વનમાં ઉત્પન્ન થયેલ પદાર્થો છે.''(પ્ર.) ભ્રમરો સમીપે ગાન કરે અથવા ભક્તો સમીપે સ્તોત્ર કરે તે પણ અર્થભોગ જ છે.

કામ પુરુષાર્થનું પ્રતિપાદન :

क्वचिच्च कलहंसानामनु कूजति कूजितम् ।
अभिनृत्यति नृत्यन्तं बर्हिणं हासयन् क्वचित् ।। १०-१५-११

(આવા વૃંદાવનમાં પ્રસન્નચિત્તવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) કોઈવાર કલ હંસોના કૂજન જેવું કૂજન કરે છે. કોઈવાર નૃત્ય કરતા મયૂરને હાસ્યપાત્ર બનાવતા ચોતરફ (ઘણું) નૃત્ય કરે છે.

કામમાં મુખ્ય બે કાર્યો કરવાના છે - (૧) રસ ઉત્પન્ન થાય તે માટે કૂજન અને (૨) રસનો અનુભવ થાય તે માટે બંધો ''મયૂરના ગાત્રનો વિસ્તાર (કળા કરે તે) જે 'બંધ'ને ઠેકાણે છે''(પ્ર.). મયૂરના કામમાં પ્રાકૃત રસ નથી.

રસ અને અરસનો ભેદ કરનાર હંસ સર્વથી વિલક્ષણ છે આથી તે કલહંસ છે. તેનુ કૂજન અપ્રાકૃત હોય છે. ભગવાન કલહંસ જેવું કૂજન કરી પોતે કામમાં ઘણા પ્રવિણ છે તે દર્શાવે છે.

મોક્ષ પુરુષાર્થનું પ્રતિપાદન :

मेघगम्भीरया वाचा नामभिर्दूरगान् पशून् ।
क्वचिदाह्वयति प्रीत्या गोगोपालमनोज्ञया ।। १०-१५-१२

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મી યુક્ત શ્રીકૃષ્ણ) મેઘના જેવી ગંભીર અને ગાયો તથા ગોપાલોને આનંદદાયક (મનોજ્ઞ) વાણીથી દૂર ગયેલા પશુઓને કોઈવાર પ્રીતિથી (તેમના) નામોથી બોલાવે છે.

ભગવાનનું સાયુજ્ય અને મુક્તિ ભગવાન આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. ''સાથે જોડાય (સહયુનક્તિ) તે સયુક્ (સખા), તેનો ભાવ તે સાયુજ્ય એટલે ભગાવાન સાથેનો પ્રથમ સંયોગ;

મુક્તિ એટલે દુઃખનો અભાવ. પુષ્ટિમાર્ગ પ્રમાણે આ બેનો અર્થ એવો છે.(પ્ર.)

‘‘સાયુજ્ય એટલે ભગવાન સાથે જોડાવું, પશુઓ ભગવાનથી દૂર હતા ત્યાંથી ભગવાન પાસે આવી, ભગવાન સાથે (સમીપ) થઈ જાય તે સાયુજ્ય. તૃણ વિગેરે વિષયોથી છૂટે તે મુક્તિ; સંસારથી છૂટવું તે મુક્તિ.(લે.)

‘‘શ્રીકૃષ્ણ તો મોક્ષનું દાન કરવા જ સાક્ષાત્ પ્રકટ થએલ હોવાથી પોતે જ ગાયોને બોલાવે છે અને આતિવાહિક (ગાયને લઈ જનાર)ની જરૂર નથી’’.(લે.)

બધાં પશુઓ બુદ્ધિ વિનાના જીવો છે. તે બધાં દૂર ગયા હોવાથી ભગવાન કયા સ્થાને છે તે જાણતાં નથી. આવા જીવોને ભગવાન પોતે મોક્ષનું દાન ન કરે તો તેઓ મોક્ષ વિનાનાં જ રહે.

દસરસોનું પ્રતિદાન : શ્લોક ૧૩ થી ૧૮

चकोरक्रौञ्चचक्राह्वभारद्वाजांश्च बर्हिणः ।
अनुरौति स्म सत्त्वानां भीतवद् व्याघ्रसिंहयोः ॥ १०-१५-१३

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) ચકોર, ક્રૌંચ, ચક્રાહ્વ, ભારદ્વાજ અને મયૂરના જેવો અવાજ કરતા હતા. પ્રાણીઓ મધ્યે વાઘ અને સિંહથી બીધેલા (હોય તેના) જેવો અવાજ કરતા હતા.

આ શ્લોકમાં પ્રભુની લીલાથી છ રસોનું ક્રમશઃ નિરૂપણ છે. અહીં એક સિદ્ધાંત ખ્યાલમાં રાખવો જરૂરી છે. નવેરસનો શૃંગાર રસ સાથે સંબંધ થવાથી જ તેમનું રસ પણું છે. દશમો ભક્તિરસ કોઈવાર શૃંગાર રસના અંગ તરીકે અને કોઈવાર સ્વતંત્ર રીતે વર્ણવેલો હોય છે. શૃંગાર રસનો સંબંધ હોય તો જ રસપણું થાય, એ નિયમ વિદ્વાનો ભક્તિરસને લાગુ પાડતા નથી. કારણ કે ''શૃંગારમાં જ સર્વ રસો છે'' એ કાવ્યની મર્યાદા છે. તેમાં આ નવરસો જ છે. તેથી આ નવરસ માટે જે તે નિયમ છે.

ભગવાન જુદા જુદા પક્ષીઓ અને પ્રાણીઓના અવાજનું અનુકરણ કરે છે.

''જે જે રસનો સ્થાયિભાવ જે જે પ્રાણીમાં પ્રસિદ્ધ છે તે તે રસમાં ભગવાન તે તે પ્રાણીનું અનુકરણ કરે છે.''(લે.)

(૧) ચકોરમાં ચંદ્રિકા માટેનો પ્રેમ - શૃંગાર રસનો સ્થાયિભાવ, શૃંગાર રસના સંબંધવાળા ચકોર પક્ષીઓ ચંદ્રિકાનો જે ભોગ કરે છે તે અલૌકિક હોવાથી ભગવાન તેઓના જેવો અવાજ કરે છે.

(૨) ક્રૌંચ પક્ષીમાં યુદ્ધ માટેનો ઉત્સાહ - વીર રસનો સ્થાયિભાવ. ક્રૌંચ પક્ષી આકાશમાં ઉડીને કાશ્મીર જેવા ઘણા બરફવાળા પ્રદેશમાં મૂકેલા ઈંડાને અવાજથી સેવે છે. આમ, ક્રૌંચનો અવાજ વીર રસ ઉત્પન્ન કરે છે.

(૩) ચક્રાવાક - કરુણ રસ માટે પ્રસિદ્ધ છે. ચક્વાક ચક્વાકીના વિયોગથી બહુ વ્યાકુલ રહે છે. શોક તેને કાયમ રહ્યા કરે છે તેથી તે દુઃખી રહે છે.''(યો.)

ચક્રમાં એટલે જલચક્રમાં પડેલ પુરુષ બહુ દુઃખી થાય છે. તેને મારવા ચક્ર ઘણા પ્રકારે પ્રયાસ કરે છે. આ રીતે વિરહચક્રમાં પડેલ ચક્વાક બહુ પીડા અનુભવે છે. તેના જેવો અવાજ કરી ભગવાન દર્શાવે છે કે વ્રજની સ્ત્રીઓના વિરહથી તે વ્યાકુલ છે અને ચક્રભ્રમણમાં પડેલ પુરુષ પેઠે દુઃખી છે.(યો.)

(૪) ભારદ્વાજ પક્ષી - અદ્ભૂતરસમાં પ્રસિદ્ધ છે. ભારદ્વાજ પક્ષી છે અને બ્રાહ્મણ પણ છે. ભારદ્વાજ (બ્રાહ્મણ)નો જન્મ અદ્ભૂત રીતે થયેલો હોવાથી તે નામ અદ્ભૂત રસ સાથે સંબંધ ધરાવે છે.

(૫) મયૂર - મયૂર હાસ્ય માટે પ્રસિદ્ધ છે. આગળ અગિયારમાં શ્લોકમાં આ પ્રતિપાદિત થયું છે. મયૂર પેઠે ભગવાન ચારે તરફ નૃત્ય કરે છે. ત્યારે છોકરાઓ મયૂરને હસે છે કે - ''આ સારી રીતે નૃત્ય કરો નથી'' કારણ ભગવાનનું નૃત્ય તેના કરતાં ઘણું ઉત્તમ હોય છે.

(૬) ભયાનક રસ - ભગવાન પ્રાણીઓની મધ્યે વાઘ અને સિંહથી બીધેલાની પેઠે અવાજ કરે છે. સ્વરૂપનો નાશ

થવાનો ભય વાઘથી થાય છે અને અભિમાન વિગેરે ધર્મો નાશ થવાનો ભય સિંહથી થાય છે. ''વાઘ અને સિંહ ક્રમશઃ દર્શાવેલા ભયનું ઉદ્દીપન કરનારા છે''(પ્ર.)

(૭) બીભત્સ રસની લીલા ૧૪મા શ્લોકમાં છે.

क्कचित् क्रीडापरिश्रान्तं गोपोत्सङ्गोपबर्हणम् ।
स्वयं विश्रमयत्यार्यं पादसंवाहनादिभिः ।। १०-१५-१४

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) પોતે ક્રીડાથી બહુ થાકી ગયેલા અને ગોપના ખોળાનું ઓશીકું કરેલા (કરી સૂતેલા) આર્ય (બલભદ્ર)નો કોઈવાર પગચંપી વિગેરેથી શ્રમ દૂર કરે છે.

''અહીં ભગવાન બલભદ્રની પગચંપી કરે છે તે જોઈ, ભગવાન શૃંગાર રમણનો ઉદ્યોગ તજી આવી નકામી ક્રિયા કેમ કરે છે ?'' તેવો ગોપીઓના મનમાં બીભત્સ રસ થાય છે. બીભત્સ રસનો સ્થાયિ ભાવ જુગુપ્સા (અણગમો અથવા તિરસ્કાર) છે અને તેથી મન તે ભાવ ઉપજાવનાર તરફથી પાછું હઠે છે.'' (યો.)

આઠમા રૌદ્ર રસનું નિરુપણ પંદરમા શ્લોકમાં છે

नृत्यतो गायतः क्वापि वल्गतो युध्यतो मिथः ।
गृहीतहस्तौ गोपालान् हसन्तौ प्रशशंसतुः ।। १०-१५-१५

(આવા વૃંદાવનમાં પ્રસન્ન મનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ

અને બલભદ્ર) ક્યાંક નૃત્ય કરતા, (ક્યાંક) સામસામા યુદ્ધ કરતા અને (ક્યાંક) બડાઈ કરતા ગોપાલોને હાથપકડી હસતા હતા અને તેમની પ્રશંસા કરતા હતા.

અહીં મલ્લોના વીરરસ જેવો ક્રોધ ઉત્પન્ન કરનાર રૌદ્રરસ છે. આ રસ ભગવાનમાં ઉત્પન્ન નથી થતો પણ બીજાઓમાં ઉત્પન્ન થાય છે. છતાં ભગવાન તેમાં ભળે છે. તેથી આ પણ રસવાળી લીલા છે. ''આવા મલ્લયુદ્ધમાં ભગવાનની આસક્તિ ગોપીજનો જુએ છે. આથી આવી રીતે વૃથા સમય ગૂમાવનાર નંદનંદન તરફ શૃંગાર રસના સંબંધવાળા ક્રોધમાંથી તેમનામાં રૌદ્રરસ ઉત્પન્ન થાય છે. આ પ્રકારના રૌદ્રરસનો સ્થાયિભાવ ક્રોધ છે. માનિની અને વિપ્રલબ્ધા નાયિકાઓને આ રસનો અનુભવ થાય છે''. (યો.)

નવમા શાંત રસનું નિરૂપણ સોળમા શ્લોકમાં છે.

क्वचित् पल्लवतल्पेषु नियुद्धश्रमकर्शितः ।
वृक्षमूलाऽऽश्रयः शेते गोपोत्सङ्गोपबर्हणः ।। १०-१५-१६

(આવા વૃંદાવનમાં પ્રસન્નમનવાળા લક્ષ્મીયુક્ત શ્રીકૃષ્ણ) જેમણે નિયુદ્ધનો શ્રમ જીતેલો છે, તે કોઈવાર વૃક્ષમૂલનો આશ્રય કરી પલ્લવની શય્યાઓમાં ગોપોના ખોળાનાં ઓશીકાં કરી શયન કરે છે. નિયુદ્ધ એટલે બાહુયુદ્ધમાં જીતીને શ્રમિત થયેલા શ્રીકૃષ્ણ શયન કરે છે. તે શાંત જેવા છે. ''કંટાળો અને પ્રયત્નની શિથિલતાવાળો હોય તે ''શાંત'' કહેવાય. આઠ રસો જ મુખ્ય છે.

છતાં કંટાળાને શૃંગારરસના વ્યભિચારિભાવ તરીકે ગણવામાં આવેલો છે અને કંટાળો જ શાંતરસનો સ્થાયિભાવ છે.''(લે.)

આગળ કહેલા રસોનું પર્યવસાન સમુદાયમાં થાય છે જ્યારે શાંતરસ ઘણાના સમૂહને બદલે દરેકમાં પર્યવસાન પામે છે. તેથી દરેક ગોપ જુદી જુદી શય્યા કરે છે. આમ ઘણી શય્યાઓ થાય છે અને તે બધીમાં ભગવાન શયન કરે છે.

દશમા ભક્તિરસનું નુરૂપણ સત્તરમા શ્લોકમાં છે.

पादसंवाहनं चक्रुः केचिदस्य महाऽत्मनः ।
अपरे हतपाप्मानो व्यजनैः समवीजयन् ।। १०-१५-१७

કોઈ આ મહાત્માના ચરણ ચાંપતા હતા. પાપથી મુક્ત થયેલા બીજાઓ પંખાઓથી (તેમને) પવન નાખતા હતા.

ભગવાન શાંતરસનો અભિનય કરે છે અને નવે રસોનું આસ્વાદન કરે છે એટલું જ નહિ પણ તેઓ દસમો રસ ઉત્પન્ન કરવા સમર્થ છે જે આપને 'મહાત્મા' કહી જણાવ્યું છે.

ભગવાનના ચરણારવિંદ ચાંપવા રૂપ ભજન જોઈ વ્રજરમણીઓમાં પણ ભક્તિરસ ઉત્પન્ન થાય છે અને તેઓ વિચારે છે કે - આ ભગવાન લૌકિક નાયક નથી, પણ પુરુષોત્તમ છે અને પુરુષોત્તમની પ્રાપ્તિ માત્ર ભક્તિથી જ થાય છે; તેથી આપણે પણ આ ભગવાનનું ભજન જ કરવું જોઈએ. ''આવી રીતે અહીં

કહેલો ભક્તિરસ શૃંગારરસના અંગભૂત છે.''(યો.) આ રૂપપ્રપંચ પ્રમાણે ભક્તિરસની લીલા છે.

અઢારમાં શ્લોકમાં નામપ્રપંચ પ્રમાણે ભક્તિરસની લીલા કહે છે.

अन्ये तदनुरूपाणि मनोज्ञानि महात्मनः ।
गायन्ति स्म महाराज स्नेहक्लिन्नाधियः शनैः ॥ १०-१५-१८

હે મહારાજ! સ્નેહથી ભીંજાયેલી બુદ્ધિવાળા બીજાઓ તે મહાત્માના તેમને યોગ્ય અને મનોહર (ચરિતોનું) ગાન ધીરે ધીરે કરતા હતા.

ભગવાન જે ગુપ્ત રાખવા ઈચ્છતા હોય તે પ્રકટ કરવામાં આવે તો તે ભગવાનને અમનોહર થાય, અને ભક્તોને તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ થાય તેથી ભગવાનનાં તેમને યોગ્ય અને મનોહર ચરિતોનું જ ગાન કરતા હતા.

જ્યાં ત્યાં ભગવાનની ઉપર જણાવેલી દશરસોવાળી લીલા જ કહેલી છે.

ઉપરના કહેલા શ્લોકોમાં રસરૂપ ચાર પુરુષાર્થો અને દશ રસવાળી લીલા ભગવાને દર્શાવી પણ આ લીલા ગોપિકાઓએ અનુભવી નથી. તેથી તેઓને તાપ થાય છે. તેઓને થતા આ તાપનું નિવારણ કરવા, કહેલા ચૌદરસવાળા ભગવાનનું નિરૂપણ આજ અધ્યાયના ૪૨મા શ્લોક્માં કરવામાં આવે છે. આ શ્લોકમાં વ્રજમા પધારતા ભગવાનનું વર્ણન છે. સંધ્યા સમય છે.

બલભદ્રે ધેનુકનો વધ કર્યો હતો તેથી તેમને આગળ કરીને તેની સાથે જ ભગવાન વ્રજમાં પધાર્યા, પણ બંને છૂટા છૂટા પોતાના યોગ્યક્રમમાં (પહેલા ભગવાન અને પછી બલભદ્ર) આવ્યા નહિ.

तं गोरजश्छुरितकुन्तलबद्धबर्ह वन्यप्रसूनरुचिरेक्षणचारुहासम्।
वेणुं क्वणन्तमनुगैरनुगीतकीर्तिं गोप्यो दिदृक्षितदृशोऽभ्यगमन् समेताः।।
૧૦-૧૫-૪૨

ગોરજથી છવાયેલ, વાંકડીઆ વાળમાં બંધાયેલ મયૂર પિચ્છ અને વન પુષ્પો અને રુચિર દૃષ્ટિયુક્ત ચારુહાસવાળા, અનુચર ગોવાળોથી અનુગીત કીર્તિવાળા, વેણુ બજાવતા તે ભગવાનને દર્શનોત્સુક નેત્રવાળાં, એકઠા થેયલાં ગોપીજન વીંટળાઈ વળ્યાં.

ગોરજશ્છુરિત કુન્તલ - ગોરજોથી (એટલે ગાયોના ચાલવાથી ઉડતા રજકણોથી) છુરિત (એટલે વ્યાપી રહેલા અથવા ભરાઈ રહેલા) છે. કુંતલો (એટલે કેશો) જેમના એમ કહી ચાર પુરુષાર્થની લીલાનું નિરૂપણ કર્યું છે. ધર્મ - ગાયો છે. ધર્મ વૃષ ગાયની જાતનો છે અથવા ગાયો ધર્મના કારણરૂપ છે તેથી અહીં ગાયો ધર્મરૂપ છે.(ટિ.)

અર્થ - રજકણો છે. અર્થ ધર્મથી સાધ્ય છે તેથી ધર્મના સંબંધવાળો છે. અહીં રજને ગાયનો સંબંધ છે - અર્થ વિક્ષેપ કરતો હોવાથી રજોરૂપ છે. તે મદ પણ કરાવે છે. આથી પણ રજોરૂપ છે.

આમ 'રજ' શબ્દથી 'અર્થ' કહે છે.(ટિ.)

વ્યાપ્તિ (શ્છુરિત) (છવાયેલા હોવું) કામ છે. કામ રહિતને બીજા કોઈનો સંબંધ સંભવતો નથી. કામ (કામના) હોય તે બીજાઓનો સંબંધ રાખે. તેથી વ્યાપ્તિ કામ છે. કુંતલમાં રજની વ્યાપ્તિ છે. ''એકાકી ન રમતે'', ''સ દ્વિતીયમૈચ્છત'', ''સ હૈતાવાનાસ'' અને ''તત્ સૃષ્ટ્વા તદેવાનુ પ્રાવિશત્''આ બધી શ્રુતિઓ પ્રમાણે ભગવાન કામથી જ જુદા જુદા સ્વરૂપોથી આવિર્ભાવ પામી સર્વ (જગત)માં વ્યાપી રહેલા છે. આમ વ્યાપ્તિ કામ છે.(ટિ.)

મોક્ષ - કુન્તલ (અલક-કેશ)થી મોક્ષનું સૂચન છે. ''કેશ બાંધેલા હોય, અલક (કુન્તલ) સદા મુક્ત (છૂટા) જ હોય છે. તેથી તે મોક્ષને સ્થાને છે. માનિનીઓના મન દૂર જાય છે ત્યારે કુંતલો પોતાની શોભાથી તેઓને પાસે બોલાવી સ્વરૂપાનંદનું દાન કરાવે છે. તેથી તે મોક્ષને સ્થાને છે.''(ટિ.)

હવે આજ શ્લોક દશરસનો પણ નિરૂપક છે.

ગોરજશ્છુરિતકુન્તલ આ જ શબ્દો પ્રથમ રસ શૃંગારરસના સંબંધવાળી લીલા દર્શાવે છે. કુંતલો કામરૂપ છે. ''અહીં કુંતલો ભ્રમર જેવા છે અને શ્રીમુખકમલની આસપાસ શોભે છે. આથી જેઓને આવા દર્શન થાય તેઓના ભાવનું ઉદ્દીપન થાય છે. ઉત્તમ રસના ભક્તોને કોઈ જુએ ત્યારે તેને પણ તેની પેઠે ભોગ કરવાની

ઈચ્છા થાય છે. આમ કુંતલ ભાવની વૃદ્ધિ કરતા હોવાથી કામરૂપ છે.''(ટિ.) ''કામરૂપ એટલે કામનું નિરુપણ કરનાર, કામને જાગૃત કરનાર''.(લે.)

રજકણો (રજઃ) રજોગુણ જ છે. ગાયના આવવાથી ઉડતાં રજકણો કામ ઉત્પન્ન કરનાર છે. આ રજકણો શૃંગારરસનું ઉદ્દીપન કરનારાં હોવાથી રજોગુણ છે એવો અર્થ છે.(લે.)

ગાયો અહીં આ અર્થમાં અનુભાવ છે. ''ગાયો સદા ભગવાન સાથે રહેલી હોય છે, તેથી તેમને જોવાથી ભગવાનનું સ્મરણ થાય છે. આવું પ્રભુસ્મરણ થતાં ચિત્ત બીજામાં હોય તો તે ત્યાંથી નીકળી પ્રભુમાં લાવે છે. રસનો અનુભવ તેથી કરાવે છે. આમ ગાયો અનુભવાક (રસનો અનુભવ કરાવનાર) છે.''(ટિ.)

આમ ''કુંતલ રજ અને ગાયો'' આ શબ્દોથી પુષ્ટ શૃંગારરસ નિરૂપ્યો. બાંધેલું મયૂર પિચ્છ - ઉત્સાહ ઉત્પન્ન કરનાર હોવાથી ''વીરરસ'' ઉત્પન્ન કરે છે.(પ્ર.) મયૂર પિચ્છ ભગવાને શા માટે બાંધેલું હશે, એમ વિસ્મય ઉત્પન્ન કરતું હોવાથી અદ્‌ભૂતરસ ઉત્પન્ન કરે છે.(પ્ર.)

બાંધેલા વનપુષ્પો - આ વનપુષ્પો જઈ ન શકાય તેવી ભૂમિ પર દેખાતાં હોવાથી તેમને જોવાથી ''ભયાનક રસ'' ઉત્પન્ન થાય છે.(પ્ર.) ભગવાન આ પુષ્પોને કોઈવાર સારાં ન લાગે તેવી રીતે ધરે છે આથી ''હાસ્યરસ'' ઉત્પન્ન કરે છે.(પ્ર.)

રુચિર દૃષ્ટિ - ભગવાનની રુચિર દૃષ્ટિના દર્શનથી ''હા ! અમે આટલો સમય તેમના દર્શન વિના રહ્યા'' એમ શોક થવાથી તે ''કરુણરસ'' ઉત્પન્ન કરે છે. (પ્ર.)

ચારુહાસ - ગોપીજનો પ્રભુમાં પ્રગાઢ પ્રેમવાળા છે. તેઓએ વિરહમાં ખૂબ દુઃખ અનુભવ્યું છે, છતાં પ્રભુ તો દુઃખીને જોઈ હસે છે. આ વિચારે મનમાં શૃંગારરસ પોષક ક્રોધ અને તેથી ''રૌદ્રરસ'' છે. (પ્ર.)

શૃંગાર રસમાં આમ ભગવદ્દર્શનથી વિવિધ રસાનુભવ શ્રી ગોપીજનને ક્રમશઃ થાય છે. સર્વધર્મો જ્યારે સાથે સ્ફૂરે ત્યારે ''બીભત્સરસ'' અનુભવાય છે. ''મહાનનો આવે વિચિત્ર વેષ ! આ ભગવાન અનેક ચરિત અને ચમત્કારવાળા છે. તે ક્યાં ક્યાં સ્નેહ કરે, વિહાર કરે, કપટલીલા કરે તે જાણે કોણ ? આ વિચારે મનમાં જુગુપ્સા - સ્થાયિભાવ વાળો ''બિભત્સરસ'' પ્રકટે છે.

વેણું ક્વણન્ત - ભગવાન વેણુ વગાડતા આવે છે એટલે બ્રહ્માનંદને પ્રકટ કરતાં વ્રજમાં પધારે છે. તેથી ''શાંતરસ'' ઉત્પન્ન થાય છે.

અનુગૈરનુગીત કીર્તિ : ભક્તોથી જેમની કીર્તિ ગવાય છે. તેવા ભગવાન પધારે છે. તેથી પ્રભુ શૃંગારરસમાં ઉપયોગી કીર્તિ સંભળાવીને ભક્તિરસ પ્રકટ કરે છે.

ભક્તોને જોઈ રૂપાત્મક ભગવાનની સેવારૂપ ''ભક્તિરસ'' ઉત્પન્ન થાય છે.(લે.)

ભગવાનની કીર્તિ ગવાતી સાંભળવાથી નામાત્મક ભગવાનની સેવારૂપ ભક્તિરસ ઉત્પન્ન થાય છે.(લે.)

આમ ભગવાન કૃષ્ણ સર્વરસયુક્ત છે. બીજાઓના સંઘમાં સાધારણ દર્શન કરે તો ભગવાન આ પરમ રસને પ્રકટ નથી કરતા આથી પ્રભુનાં દર્શન કરવા છતાં એકાંત દર્શન કરવાનો અભિલાષ રહ્યો. શ્રીગોપીજનો 'દર્શનની ઈચ્છાવાળી દૃષ્ટિવાળાં' જ રહ્યા તેથી પહેલાં માત્ર આગમન કહ્યું છે. સમાગમ માટેનું દર્શન તો તેના અંગરૂપ છે.

ચારે તરફથી એકઠાં થયેલા શ્રીગોપીજન પધાર્યાં, પ્રભુને વીંટળાી વળ્યા. આગળ ગાયો અને બલરામજી તથા બલારામજીની મુખ્યતા વાળા ગોપો ગયા. પાછળ આવનાર ગોપોને તો ગોપીજને છૂટા પાડી દીધાં. પ્રભુ વચમાં શ્રીગોપીજનથી ઘેરાઈ ગયા. લાભ લઈ લીધો !

આવા ચૌદરસ વાળા શ્રીકૃષ્ણ શ્રીભાગવતના સાતે અર્થોની એકવાક્યતામાં બિરાજી અધિકારી જીવોને અધિકાર પ્રમાણે રસનું દાન કરે છે. મારા આ લઘુ લેખમાં ગો.વા. નાનુલાલ ના. ગાંધીના શ્રીસુબોધિનીજીના ભાષાંતરનો અને પ.ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીના શ્રીભાગવત રસાસ્વાદનો સહારો લીધો છે. આ બંને મહાનુભાવોનો આભારી છું.

|| જયશ્રીકૃષ્ણ ||

સ્વ. અ.સૌ. પારૂલબેન કિશોરભાઈ શાહ

શ્રી કિશોરભાઈ એમ. શાહ

પીયૂષ કિશોરભાઈ શાહ	**ભાવિકા પીયૂષ શાહ**
મિતુલ કિશોરભાઈ શાહ	**પ્રિયંકા મિતુલ શાહ**

આરવ પીયૂષ શાહ

૧૨૦, પ્રિતમ સોસાયટી-૨, ભરૂચ.

સ્વ. ઈન્દ્રવદન લલ્લુભાઈ શાહ

સ્વ. જડાવબેન ઈન્દ્રવદન શાહ

તથા પરિવારના

।। જયશ્રીકૃષ્ણ ।।

।। જયશ્રીકૃષ્ણ ।।

ગં. સ્વ. કલાવતીબેન ચંદુલાલ નારીએલવાલા

શ્રી હસવંતભાઈ ચંદુલાલ શાહ

શ્રીમતી પ્રમોદાબેન એચ. શાહ

તથા

શાહ અને નારીએલવાલા પરિવાર

આ. પુ. વૈ. પ. ભરૂચ શાખાને વૈષ્ણાવો તરફથી પુસ્તક પ્રકાશન નિભાવ ખર્ચ પેટે સહાય મળેલ છે અને તેઓના અમો અભારી છીએ. તેઓશ્રીએ સમગ્ર વૈષ્ણાવ સૃષ્ટિને જયશ્રીકૃષ્ણા પાઠવ્યા છે.

૧. પ.ભ. એક વૈષ્ણાવ - હસ્તે વર્ષાબેન પરીખ

૨. પ.ભ. એક વૈષ્ણાવ - હસ્તે વયજંતીબેન તુમ્બડી

૩. શ્રીમતી નિમિષાબેન દિનેશભાઈ દેસાઈ

૪. શ્રીમતી રંજનાબેન ચોક્સી

૫. શ્રીમતી ઈન્દીરાબેન સચીનભાઈ શાહ

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका